


# 4 ૧૦ બનાવીએ


0124CH04

## ટપકાંવાળું જીવડું અને તેની રચનાઓ



“તમે કદી ટપકાંવાળું જીવડું જોયું છે?
તેના શરીર પર ટપકાં હોય છે.
શું તમે ક્યારેય ટપકાંને ધ્યાનથી જોયાં છે?”

ક. દરેક જીવડા પર દોરેલાં ટપકાંની સંખ્યા લખો.











ખ. આમલીના દાણા, કાંકરા, બટનો, બિંદીઓ વગેરે જેવી વસ્તુઓ વડે અમુક ટપકાંની રચના બનાવો અને દરેક ગોઠવણીમાં ટપકાંની સંખ્યા ઓળખો.



© NCERT not to be republished


ગ. લાલ બિંદીઓની ગોઠવણી દ્વારા રચાયેલી સંખ્યાઓને ઓળખો અને લખો.





## ચાલો રમીએ

ઘ. તમારા મિત્ર સાથે રમો. પાસા ફેંકો અને પાસા પર દેખાતા ટપકાં જેટલાં જ ટપકાંવાળા ખાના પર રંગો.તમારા મિત્ર અને તમે વારાફરતી પાસા ફેંકો.



રંગ પસંદ કરો અને તેને નીચેના ખાનામાં ભરો.

મારો રંગ

મિત્રનો રંગ



વધુ સંખ્યામાં જેનાં ખાનાં રંગીન હશે તે બાળક જીતશે.

બાળકોને ગણતરી કર્યા વિના સંખ્યાઓ ઓળખવામાં મદદ કરવા માટે રંગીન ફ્લેશ પત્તાનો ઉપયોગ કરો. આને સબિટાઇઝેશન કહેવામાં આવે છે. જરૂરિયાત મુજબ વિવિધ આકાર અને કદ (સાઈજ)માં ૧ થી ૯ સંખ્યાના ટપકાંનાં નમૂનાવાળા પત્તા બનાવો.



© NCERT not to be republished

## અદૃશ્ય થતાં બટનો

ગોલા વાંદરો ચાર બટનવાળો તેનો મનપસંદ ખમીસ (શર્ટ) પહેરે છે. તે બગીચામાં ગયો અને ઘણા બધા કેળા ખાધા કારણ કે તે કેળાંનો શોખીન હતા. તમને શું લાગે છે પછી શું થયું?

તેનું એક બટન તૂટી ગયું અને દૂર જતું રહ્યું. પરંતુ તે કેળા ખાવાનું છોડતો નથી અને તેના ખમીસનાં એક પછી એક બટન તૂટતાં ગયાં.



ચાર



☐ બટનો



ત્રણ



☐ બટનો



બે



☐ બટનો



એક



☐ બટન



શૂન્ય

0 બટનો


ખમીસ  પર છેલ્લે કેટલા બટનો બચ્યા છે તેની સંખ્યાની ચર્ચા કરો. બાળકોને તેમની આસપાસની વસ્તુઓ કે જેની સંખ્યા શૂન્ય છે તેના નામ આપવા માટે કહો. બાળકોને સમજવા દો કે શૂન્ય એ પણ એક, બે અને બીજી સંખ્યાઓ જેવી સંખ્યા છે. બાળકો સાથે સંતુલિત આહારના ફાયદાઓ અને અતિશય આહારની આડઅસરો વિશે ચર્ચા કરો.



© NCERT not to be republished

ઝાડની ડાળી પર બેઠેલાં પક્ષીઓની સંખ્યા લખો.









## ‘0’ લખો

| 0 | 0 | 0 | 0 | 0 | 0 | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 0 | 0 | 0 | 0 | 0 | 0 | | | | |

## વિચારો અને કહો

ક. તમે રાત્રે કેટલા સૂર્યો જુઓ છો?

ખ. તમે બપોરે કેટલા ચંદ્ર જુઓ છો?

દર વખતે એક વસ્તુને ઘટાડીને શૂન્યનો વિચાર દર્શાવવા માટે મૂર્ત વસ્તુઓનો ઉપયોગ કરો. એવી પરિસ્થિતિઓની ચર્ચા કરો કે જ્યાં કંઇક ગેરહાજર છે અને તેની સંખ્યાને ‘શૂન્ય’ તરીકે ઓળખવામાં આવે છે, જેમ કે વર્ગખંડમાં ૦ બસો છે. બાળકોને શરૂઆતમાં ૫ થી 0 અને પછી ૯ થી 0 સુધીની ઊંધી ગણતરી કરવા માટે પણ પ્રોત્સાહિત કરો

NCERT © not to be republished


## દસમો જન્મદિવસ

આજે આસ્થાનો દસમો જન્મદિવસ છે. તેના પિતાએ તેના માટે હલવો તૈયાર કર્યો હતો. તે તેના મિત્રો સાથે જન્મદિવસની ઉજવણી કરી રહી છે.






હું ૯ વર્ષની છું અને વધુ ૧ વર્ષ પછી, હું ૧૦ વર્ષની થઈશ. તેથી, ૯ અને ૧ મળીને ૧૦ થાય છે.



તેણે તેના જન્મદિવસ પર ______ દીવા પ્રગટાવ્યા છે.

વસ્તુઓની સંખ્યા ગણો અને લખો.




| મણકા | લાડુ | રંગીન ચાક | કેળાં | પાંદડાં |
|---|---|---|---|---|
| | | | | |

© NCERT not to be republished


## ચાલો કરીએ

ક. ગણો અને ૧૦ રંગીન મણકાઓની માળા બનાવો.


i.



ii.



iii.




iv.




ખ. બટનોનાં દસ ચોકઠાં બનાવવા માટે બટનો દોરો.


i.




ii.



iii.






iv.



© NCERT not to be republished

## મજેદાર ૫ અને ૧૦


નમૂનાને અનુસરો અને લાકડી વડે અલગ પડેલી સંખ્યાની જોડ લખો


| | |
|---|---|
|  | ૧ અને ૪ |
|  | __ અને __ |
|  | __ અને __ |
|  | __ અને __ |
|  | __ અને __ |



### ચાલો રમીએ

3 આંગળીઓ બતાવો. તમારા મિત્રને ૫ બનાવવા માટે બાકીની આંગળીઓ બતાવવી પડશે.




















© NCERT not to be republished

## ૧૦ની જોડીની સંખ્યા

ચાલો આપણે બંને હાથ વડે આંગળીની રમત રમીએ. એક બાળક કેટલીક આંગળીઓ બતાવશે અને બીજા બાળકને વાળેલી આંગળીઓ જેટલી આંગળીઓ બતાવવા કહેશે.

નમૂનાને અનુસરો અને કોષ્ટકમાં સંખ્યાની જોડીઓ લખો

| | | | |
|---|---|---|---|
|  |  | = |  |
| 1 | 9 | = | 10 |
|  |  | = |  |
| | | = | |
|  |  | = |  |
| | | = | |
|  |  | = |  |
| | | = | |
|  |  | = |  |
| | | = | |



## ચાલો પત્તાની રમત રમીએ




### સંખ્યા પત્તા (૦ થી ૧૦ના સમૂહો)

બધાં પત્તાઓ એવી રીતે રાખો કે લખેલી સંખ્યા ના દેખાય.એક બાળક પત્તું ઉપાડે છે અને બધાને દેખાય તે રીતે મૂકે છે. બીજું બાળક બીજું પત્તું ઉપાડે છે અને બધાને દેખાય તે રીતે મૂકે છે. જો પત્તાં પર લખેલી સંખ્યાની જોડ ૧૦ થાય, તો બીજું બાળક બંને પત્તાઓ લઈ લે છે. હવે પહેલા બાળકનો વારો આવશે અને તે પત્તું ઉપાડશે.આ રીતે રમત ચાલુ રહેશે.



## ૨૦ સુધીની ગણતરી









સિમરન નાગપુરમાં રહે છે. તે નારંગીઓ પેકિંગ કરવામાં તેના પિતાની મદદ કરી રહી છે. એક ખોખામાં ૧૦ નારંગી રાખી શકાય છે. ચાલો આપણે નારંગીઓની સંખ્યા ગણીએ.

| | | |
|---|---|---|
|  | ૧૦ | ૧૦ દસ |
|  | ૧૦ અને ૧ | ૧૧ અગિયાર છે |
|  | ૧૦ અને ૨ | ૧૨ બાર |

© NCERT not to be republished

બાળકોને ૫ અને ૧ની સંખ્યાના ભાગ સમજવા અને યાદ રાખવા મૌખિક ગણતરી કરાવડાવો. ઉદાહરણ તરીકે, જો શિક્ષક ૨ કહે, તો બાળકે ૫ના ભાગ પાડીને ૩ જવાબ આપવો જોઈએ.એ જ રીતે, જો શિક્ષક ૪ કહે, તો બાળકે ૧૦ના ભાગ પાડીને ૬ જવાબ આપવો જોઈએ. આ પછી બાળકો ૧૦થી વધુની ગણતરી શરૂ કરવા કહો. બાળકોને એ હકીકત તરફ ધ્યાન દોરો કે અગાઉની સંખ્યા કરતા હંમેશા એક સંખ્યા વધુ હોય છે.



| | | |
|---|---|---|
|  | ૧૦ અને ૩ | ૧૩ તેર |
|  | ૧૦ અને ૪ | ૧૪ ચૌદ છે |
|  | ૧૦ અને ૫ | ૧૫ પંદર છે |
|  | ૧૦ અને ૬ | ૧૬ સોળ છે |
|  | ૧૦ અને ૭ | ૧૭ સત્તર છે |
|  | ૧૦ અને ૮ | ૧૮ અઢાર છે |
|  | ૧૦ અને ૯ | ૧૯ ઓગણીસ છે |
|  | ૧૦ અને ૧૦ | ૨૦ વીસ છે |

© NCERT not to be republished

૧૧ થી ૨૦ સુધીની સંખ્યા લખો.

| 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 | 18 | 19 | 20 |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | 14 | | | | | 19 | |
| | | | | | | 17 | | | |
| 11 | | | | | | | | | 20 |
| | | 13 | | | | | 18 | | |
| | | | | 15 | | | | | |
| | 12 | | | | | | | 19 | |

© NCERT not to be republished


દસ અને એકમોના જૂથનો ઉપયોગ કરીને 20 સુધીની મૂર્ત વસ્તુઓની ગણતરી કરવામાં બાળકોને મદદ કરો. બાળકોને મુઠ્ઠીભર બીજ અથવા બટનો આપો, જે ૨૦થી વધુ ન હોય. તેમને પહેલાં સંખ્યા ધારવા માટે કહો, પછી જૂથ બનાવીને ગણતરી કરવા કહો. તેમની સાથે ચર્ચા કરો કે તેમનું અનુમાન કેટલું નજીક હતું? બાળકોને તેમના અનુમાનના આધારે તર્ક કરવા દો.





## ગણતરી કરો અને લખો

ક. ગણતરી કરો અને જવાબો લખો.





ખ. આપેલી સંખ્યા દર્શાવવા માટે દસનાં ચોકઠાંમાં રંગ કરો

14

19





16

ગ. આપેલાં ખાનામાં ક્રમમાં સંખ્યાઓ લખો.


| | | | |
|---|---|---|---|
| 1 | | 3 | |
| 8 | | 6 | |
| 9 | | | 12 |
| | 15 | | |
| | | | 20 |

© NCERT not to be republished

ઘ.  નીચેનાં ચિત્રોમાં દસના જૂથને ઘેરો અને યોગ્ય સંખ્યા સાથે જોડો.

| | |
|---|---|
|  | 17 |
|  | 16 |
|  | 20 |
|  | 10 |

ચ. કેટલાક મિત્રોએ રમતાં-રમતાં કેટલાક મિનારા બનાવ્યા.



૧.  સૌથી ઊંચા મિનારા પર ✓ ની નિશાની કરો.

૨.  કયા મિનારામાં સૌથી વધુ બ્લોક્સનો ઉપયોગ થયો છે?
તેમાં વપરાયેલા બ્લોક્સની સંખ્યા લખો.

૩.  કયા મિનારામાં સૌથી ઓછા બ્લોક્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે?
તેમાં વપરાયેલા બ્લોક્સની સંખ્યા લખો.

© NCERT not to be republished

## ચાલો કરીએ

ક. સૌથી નાની સંખ્યા પર વર્તુળ બનાવો.

i. ૮, ૧૨, ૬ ii. ૧૪, ૧૧, ૧૯

ખ. સૌથી મોટી સંખ્યા પર વર્તુળ બનાવો.

i. ૧૬, ૧૯, ૧૧ ii. ૧૧, ૧૭, ૯

ગ. પંજાની નીચે છુપાયેલી સંખ્યાઓ શોધીને લખો.

| | |
|---|---|
| i. | ___, 15, 16, ___, 18 |
| ii. | ___, 12, ___, 14, 15 |
| iii. | 15, ___, ___, ___, 19 |
| iv. | 13, ___, 15, ___, ___ |




ઘ. સૌથી મોટીથી નાના સુધીના ક્રમમાં સંખ્યાઓ લખો. ૧૧, ૩, ૧૬, ૨૦, ૯


બાળકોને કઈ સંખ્યા મોટી છે તે જાતે નક્કી કરવા દો. તેમને પૂછો કે તેમણે આવું કેમ નક્કી કર્યું છે? બાળકોએ સમજવું જોઈએ કે ૧૫ એ ૧૧ કરતા મોટું છે કારણ કે તે ૧૧ કરતા ૪ વધુ છે અને તે જ રીતે ૨૦ સુધીની અન્ય સંખ્યાઓ માટે પણ કરો.



© NCERT not to be republished

ચ. ચાલો ગણતરી કરીએ અને લખીએ.






૧. બ્લોકની સંખ્યા

૨. સફેદ ટપકાંની સંખ્યા

છ. ૧ થી ૨૦ સુધીની સંખ્યાઓનાં ટપકાં જોડો.




શું તે પશું છે કે પક્ષી?




## પ્રોજેક્ટ કાર્ય

ક. તમારી આસપાસ જે વસ્તુઓ ૧૦ના જૂથમાં છે તેમને શોધી કાઢો. ઉદાહરણ તરીકે, બિંદીઓનું પત્તું જેમાં ૧૦ બિંદીઓ હોય.

ખ. બાળકોને જૂનાં પૂંઠાં કે નકામી વસ્તુઓનો ઉપયોગ કરીને તેમનાં પોતાનાં ૧૦ થી ૨૦ સુધીનાં સંખ્યા પત્તા બનાવવા માટે કહો.

બાળકોને ૧૦થી વધુ વસ્તુઓની ગણતરી કરતી વખતે ૧૦ના જૂથને ઓળખવા માટે પ્રોત્સાહિત કરો.



© NCERT not to be republished